# કોંગ્રેસ સમય પહેલા લોકસભાની ચૂંટણીઓ યોજશે

નવીદિલ્હી, તા. ૪

ખાદ્ય સુરક્ષા બીલ ઉપર યુપીએ સરકારની હડબડી પછી હવે તેવું નકંકી કરી દેવામાં આવ્યું છે કે કોંગ્રેસ સમય પહેલા લોકસભાની ચૂંટણીઓ યોજશે. સરકાર ૬૭ ટકા ગરીબ જનતાને મફત રાશન આપવાની લોલોપોપ બતાવી એકવાર ચૂંટણીમાં ફરી જીત મેળવવાની તૈયારીઓ છે. કહેવામાં આવે છે કે મોનસુન સત્ર નવેમ્બર પહેલા બોલાવવામાં આવશે નહીં. અને નવેમ્બરમાં આ સત્ર બોલાવાયા બાદ અગન્યના બીલોને રજૂ કરીને લોકસભા ભંગની રજૂઆત કરવામાં આવશે. બીજેપી અને સમાજવાદી પક્ષ આ બાબતે પહેલાથી જ આશંકા જતાવી રહી છે. તેના ડરને નવેસરથી અવાજ દેતાં ગુરુવારે લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે ટીવીટ કર્યું કે આટલી જલદી શા માટે શું તેઓ ઝડપથી ચૂંટણી તો નથી યોજી રહ્યા ત્યાર બાદ સુષ્માએ સંસદીય પરંપરાની દુહાઈ દેતા કોંગ્રેસ પર આરોપ મૂકયો હતો કે આદેશની આ રીત સંસદનું અવમાન કરે છે. બીજી તરફ યુપીએ જે સમાજવાદી પક્ષની બૈશાખી ઉપર ટકેલી છે. તે પણ વારંવાર લોકસભાની ચૂંટણીની વાતો કરી રહી છે.



સપાના સૂપ્રીમો મુલાયમસિંહ યાદવે કેટલીકવાર સાર્વજનિક રીતે કહ્યું છે કે વર્ષ ૨૦૧૩માં લોકસભાની ચૂંટણીનું એલાન કરી દેવામાં આવશે. તેમણે વિશ્વાસ સાથે સમાજવાદી પાર્ટી હવે આ નિર્ણય ઉપર છે. તેમ જણાવ્યું હતું.

સમાજવાદી પાર્ટી તરફથી કયા મુદ્દા ઉપર કયારેય યુપીએનું સમર્થન પાછું લેવામાં આવે તેવી શક્યતાઓ વધી ગઈ છે. રાજનૈતિક પંડીતો હવે અંદાજો લગાવી રહ્યા છે. કે કોંગ્રેસ અટલ બિહારી બાજપાઈના સમયની વર્ષ ૨૦૦૪ની ભૂલને ફરી નહી દહોરાવે અને પોતાનો કાર્યકાળ પૂરો કરીને ચૂંટણી યોજશે. અત્રે ઉલ્લેખનીય છે કે બાજપાઈએ કેટલાક રાજ્યમાં મળેલી ચૂંટણીમાં જીતતથી ઉત્સાહિત થઈને ખાસ કરીને ટીડીપી નેતા ચંદ્રાબાબુ નાયડુંના દબાણમાં આવી મુદ્દત પહેલા ચૂંટણી જાહેર કરી દીધી હતી. કહેવામાં આવે છે કે સપાના સમર્થન પાછું લેવાની સ્થિતિમાં સરકારને જેડીયુથી બહારથી સમર્થન મળવાનો ભરોસો છે.

કોંગ્રેસ ફુડ સિક્યોરીટી બીલ ઉપર આક્રમક વલણ અપનાવી રહી છે. ગેમ પ્લાન કરવામાં આવે છે કે વર્ષ ૨૦૦૯ના લોકસભા ચૂંટણીમાં પહેલા મનરેગા યોજના અને ઋણ માફી મારફતે ગરીબોના વોટોની ફસલ કાપવામાં આવી હતી.

આવનારી ચૂંટણીમાં જમાડીને વોટ મેળવવામાં આવશે. જો કે મુદ્દો ગરીબો સાથે જોડાયેલો હોવાથી વિપક્ષી દળો તેનો સીધો વિરોધ કરી શકે તેવી પરિસ્થિતિમાં નથી બીજેપી અગરમગર કરી રહી છે. સમાજવાદી પાર્ટી ખેડૂતોના હિતોની ઢોલકી વગાડી રહી છે. આ બધાની વચ્ચે વિપક્ષની ફરીયાદ માની શકાય તેવી છે કે પહેલેથી જ કેટલાક રાજ્યોમાં આ પ્રકારનો એક ફાયદો લાગુ થયેલો છે. તો યુપીએને કઈ બાબતની ક્રેડિટ લેવાની રહે છે.

જલદી ચૂંટણી યોજવાના પ્રયાસો પાછળ વિધાનસભામાં મળેલા નકારાત્મક પરિણામોને પણ આધાર ગણવામાં આવી રહ્યા છે. જે રાજ્યોમાં આ વર્ષના અંતમા ચૂંટણી યોજાવાની છે. તેમાં રાજસ્થાન અને દિલ્હીમાં કોંગ્રેસની હાર નિશ્ચિત માનવામાં આવી રહી છે. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં આ રાજ્યોમાં કોંગ્રેસનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. આ ઉપરાંત મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસ તેની ચૂંટણી જીતવાની સંભાવનાઓને યોગ્ય માની રહી નથી. આવામાં કોંગ્રેસના પોલીટીકલ મેનેજરો તર્ક કરી રહ્યા છે કે વિધાનસભાની ચૂંટણીમાં અંદાજીત હારથી બચવા માટે હાલની રાજકીય પરિસ્થિતિ અંકે કરી લેવી તે વધુ યોગ્ય રહેશે. આ વિચારે વહેલી ચૂંટણી યોજાય તેવી શક્યતા વધી ગઈ છે.

**ઉત્તરાખંડ પિડિતોની મજાક**

## સરકારે ૨૮૦ કુટુંબો માટે ૧૫૦ કિલો રેશન આપ્યું

ગૌરીકુંડ, તા. ૪

ઉત્તરાખંડમાં ફસાયેલા લોકોને બચાવીને બહાર કાઢી લેવાયા બાદ હવે આ વિસ્તારમાં સડી રહેલી લાશોને ઠેકાણે પાડવાનું અને આ ઉપરાંત ભુખથી ટળવળી રહેલા લોકોને રાહત પહોંચાડવાનો પડકાર પણ હજુ સરકાર માટે બની રહેલો છે. પુર પ્રભાવિત ૧૭૦ ગામોમાં હજુ સુધી ખાણી-પીણીની ચીજો પહોંચાડવામાં આવી નથી. આ વિસ્તારોનાં રસ્તાઓ સંપૂર્ણ રીતે તુટી ગયા છે. ગુપ્ત કાશીનાં એક ગામનાં ૨૮૦ પરિવારો માટે માત્ર ૧૫૦ કિલો રેશન સરકારે પહોંચાડતા લોકોએ મજાકની લાગણી અનુભવી છે. ગામમાં રાહત સામગ્રી લઈને નાયબ મામલતદાર પહોંચ્યા હતા.

હાલમાં ૨૦૦ લોકોની મેડિકલ ટીમને મૃતદેહોનાં અંતિમ સંસ્કારમાં મદદ અર્થે કેદારનાથ મોકલવામાં આવી છે. પરંતુ ખરાબ મોસમનાં કારણે આ કાર્ય હજુ સુધી અધુરુ રહ્યું છે. કેદારનાથમાં હજુ પણ ૬૫ મૃતદેહો પડ્યા છે જેનો ખરાબ મોસનાં કારણે અંતિમ સંસ્કાર થઈ શક્યા નથી. બદ્રિનાથમાંથી ૧૫૦ લોકોને સુરક્ષિત બહાર કઢાયા છે. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રએ ઉત્તરાખંડમાં લાપતા લોકોની સંખ્યા ૧૧,૦૦૦ જણાવી છે જ્યારે ઉત્તરાખંડ સરકારનો દાવો છે કે આ સંખ્યા અંદાજે ૩૦૦૦ની છે. ભારતીય સ્ટાર ક્રિકેટર હરભજનસિંહે ગઈકાલે તેનો ૩૩મો જન્મદિવસ ઉજવવાનું મોકુફ રાખ્યું હતું ભારે તબાહીમાંથી સહકુશળ પરત ફરેલા ભજ્જીએ ઉત્તરાખંડ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોનાં કારણે દુઃખી હોવાનાં મુદ્દે જન્મદિવસ મનાવ્યો ન હતો.

## રક્ષામંત્રી એ.કે. એટંની ચાર દિવસની ચીનની મુલાકાતે

નવીદિલ્હી, તા. ૪

કેન્દ્રિય રક્ષામંત્રી એ.કે. એટંની આજે ચીનની ચાર દિવસની રાજકીય યાત્રાએ જવાના રવાના થઈ ચુક્યા છે. એટંનીનાં આ પ્રવાસ દરમિયાન સીમા વિવાદ સાથે જોડાયેલા મુદ્દાઓ ઉપરાંત બંને દેશોની વચ્ચે સશસ્ત્રદળોની વચ્ચેનાં આદાનપ્રદાનનાં મુદ્દાઓ તેમજ ક્ષેત્રિય અને વૈશ્વિક સુરક્ષા જેવા મુદ્દાઓનો મુખ્યત્વે સમાવેશ કરવામાં આવશે.

આધારભૂત સૂત્રો જણાવે છે કે આ પ્રવાસ દરમિયાન એટંનીની સાથે રક્ષાસચિવ આર.કે. માથુર, પુર્વી કમાન જનરલ ઓફિસર કમાન્ડર ઈન ચિફ, લેફટનન્ટ જનરલ દલબીરસિંહ, નૌસેનાનાં દક્ષિણ કમાનનાં સ્લેગ ઓફિસર કમાન્ડર ઈન ચિફ, વાઈસ એડમિરલ સતિષ સોની અને રક્ષામંત્રાલય તથા સશસ્ત્ર દળોનાં અધિકારીઓ પણ સામેલ થશે. આ પહેલા ચીનની યાત્રાએ જનારા દેશનાં આખરી રક્ષામંત્રી પ્રણવ મુખર્જી હતા. તેમણે વર્ષ ૨૦૦૬માં ચીનનો પ્રવાસ કર્યો હતો. ચીન યાત્રા દરમિયાન એટંની ચીનનાં રક્ષામંત્રી અને સ્ટેટ કાઉન્સીલર ચાંગ વૈન ક્વૈન સાથે પ્રતિનિધી મંડળ સ્તરની વાતચીત કરશે.



આ ઉપરાંત બંને મંત્રીઓ વચ્ચે કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચા થવાની સંભાવના છે. જેમાં સીમા ઉપર શાંતિ જાળવી રાખવાનાં મુદ્દે, બંને દેશોનાં સશસ્ત્ર દળો વચ્ચે વાતચીત અને આદાનપ્રદાન તથા ક્ષેત્રિય અને સુરક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓનો સમાવેશ કરાશે. બંને દેશો વચ્ચે તાજેતરમાં જ સીમા વિવાદને લઈને થયેલી વાતચીતનાં થોડા દિવસ પછી જ એટંની ચીનની યાત્રા ઉપર જઈ રહ્યા છે. બંને દેશો વચ્ચે ૨૮-૨૯ જૂનનાં રોજ બેજીંગમાં થયેલી મંત્રણા રચનાત્મક, સકારાત્મક અને ભવિષ્યમાં થનારી પોઝીટીવ મંત્રણા બાબતે હતી. આ મંત્રણા દરમિયાન ભારત-ચીન સીમાનાં ૪૦૦૦ કિ.મી.નાં વિસ્તારમાં શાંતિ જાળવી રાખવા માટે મહત્વ આપવામાં આવ્યું હતું.

ભારત-ચીન સીમાનાં આ મુદ્દા પર બંને દેશો વચ્ચે વાતચીત થતાં પહેલા ત્રણ સપ્તાહ સુધી અવરોધ બની રહ્યો હતો. બંને દેશો વચ્ચે સીમાને લઈને થયેલી વાતચીત ભારતની તરફથી રાષ્ટ્રિય સુરક્ષા સલાહાકાર શિવશંકર મેનન અને ચીન તરફથી સ્ટેટ કાઉન્સિલર યાંગ જીચીનાં નિતૃત્વમાં સંપન થઈ હતી. ભારતનાં વડપ્રધાન મનમોહનસિંહ સાથે થયેલી આ દરમિયાનની વાતચીતનું મુખ્ય કેન્દ્ર ૧૫ એપ્રિલનાં રોજ ચીની સૈનિકો દ્વારા કરવામાં આવેલી ગેરકાયદેસર ઘુસણખોરી હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચીન દ્વારા પહેલા રજૂ કરવામાં આવેલા સીમા રક્ષા સહયોગ સમજૂતિને ચીન એટંની સાથે વાતચીતનો કે મંત્રણાનો મુખ્ય મુદ્દો બનાવશે.

## ગેસના ભાવ વધવાથી સરકારને ૨.૨ અબજ ડોલર મળશે

નવીદિલ્હી, તા. ૪

દેશમાં ઉત્પાદિત નેચરલ ગેસના ભાવને બમણા કરવાના નીર્ણયને કારણે ટેક્ષ અને નફાનું પ્રમાણ વધવાથી આશરે ૨.૨ અબજ ડોલર (૧૪ હજાર કરોડનો) ફાયદો થશે. તેવું બેંક ઓફ અમેરિકા મેરીટલીસ્ટના એક અહેવાલમાં જણાવ્યું છે.

આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ (સીસીઈ)ના નિર્ણયથી જાહેર ક્ષેત્રની કંપની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પો. (ઓએનજીસી) અને ઓઈલ ઈન્ડિયા લિમિને વાર્ષિક રૂ. ૧૮૧૦૦ કરોડની વધારાની આવક થશે. ગેસના ભાવમાં વધારાથી ઓએનજીસી અને ઓઈલ ઈન્ડિયાને આવકમાં થનારા કુલ વધારાથી આશરે ૬૫ ટકા રકમ સરકારને મળશે. આ રકમ ઉંચી રોયલ્ટી ઈન્કમટેક્ષ ડિવી.ના ટેક્ષના સ્વરૂપમાં સરકાર પાસે જશે.

## સમાચાર ઝલક

- સીબીઆઇ વડાની હકાલપટ્ટીની સત્તા માત્ર રાષ્ટ્રપતિનો, સુપ્રીમકોર્ટમાં સરકારનું સોગંધનામુ.
- ઘરે બેઠા પી.એચડી.ની ડીગ્રીઓ આપતી યુનિવર્સિટીઓ સામે તપાસના આદેશ, ટૂંક સમયમાં ગેરરીતિ અટકાવવા નવા કડક નિયમો અમલી બનશે.
- રાજસ્થાનના અલ્વરમાં ટ્રેનની અડફેટે આવતાં રાજકોટનાં ઉધોગપતિ પટેલ પુત્રનું મોત.
- ગુજરાતમાં જાણીતા ચિત્રકાર રસુલ સંઘવાણીનું હૃદયરોગના હુમલાથી નિધન.
- ઝવેરી-હીરામાર્કેટ માટે આંગડીયા કરોડજજ્જુ, વેપાર વેરવિખેર થયો.
- ભચાઉ લઠ્ઠાકાંડ મૃતકોની બારોબાર અંતિમવિધિ, પોલીસનું સબસલામતનું ગાણું, લોકોમાં રોષ.
- ગ્રાહકો પાસેથી વસૂલાતા જુદા જુદા ચાર્જ સામે રીઝર્વ બેંકની લાલ આંખ.
- રેલ્વે કર્મચારીઓ પડતર માગણીઓ અંગે દેશવ્યાપી આંદોલન કરશે.
- સૌરાષ્ટ્રમાં ૯૨ ટકા વિસ્તારમાં ખરીફ વાવણી પૂર્ણ.
- અમેરિકામાં ફાઇટીંગ દરમિયાન ઇજાને કારણે માથું ગુમાવનારને કોર્ટ વળતર તરીકે ૩૫૦ કરોડ ડોલરનું વળતર ચુકવવા આદેશ.
- વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨ અને ૪ની પુરક પરીક્ષા આડે અઠવાડિયું બાકી છે છતાં અભ્યાસક્રમ જાહેર થયો નથી.
- ઇંતેજારનો અંત શાહરૂખના ઘરે પુત્રનો જન્મ.
- વ્યાજદરમાં કાપ મુકવા નાણામંત્રીની બેન્કોને સલાહ.
- ગુજરાતમાં જિલ્લા-તાલુકા પંચાયતોમાં કરોડોની ગ્રાન્ટ માઇનસ.
- પી.ટી.સી.માં ૨૬૦૦૦ બેઠકો ખાલી રહેતાં કોલેજોની વિકટ પરિસ્થિતિ.
- દૂધમાં ભેળસેળ અને સરકારી તંત્રની મીલીભગત સામે સુપ્રિમની લાલ આંખ.
- વલસાડની લકઝરી અમરનાથ જતાં પલ્ટી ખાધી, શિવભક્તોનો ચમત્કારીક બચાવ.
- કરાંચીમાં ભારે હિંસા, ૬૦ ગુજરાતી કચ્છીઓની હત્યા.
- વિદેશમાં નોકરી આપવાની સામે પ્રેસ કાઉન્સીલે લાલ આંખ કરી.
- વાહન ઉધોગ માટે જુન મહિનો આકરો સાબિત થયો, વેચાણ ઘટ્યું.
- દાઉદ ઇબ્રાહીમની મુંબઇની હોટલને સીલ કરાઇ.
- પેઇન કીલરના વધુ પડતા ઉપયોગથી અમેરિકામાં મહિલાઓનાં મૃત્યુની સંખ્યામાં વધારો.
- પેટ્રોલ પેદાશ, જીવન જરૂરી વસ્તુઓનાં ભાવવધારાથી મોંઘવારીએ માઝા મુકી.
- સૌરાષ્ટ્રમાં પાઠ્યપુસ્તકોના કાળા બજાર, ચાર ગણા ભાવ વસૂલાય છે.
- ઇજિપ્તમાં પ્રમુખ મુરસી વિરૂદ્ધ પ્રચંડ લોકજુવાળ.

## ઉત્તરાખંડમાં પુનઃ મુશળધાર વરસાદ

દહેરાદુન, તા. ૪

ઉત્તરાખંડમાં ફરી એકવાર સંકટના વાદળો ઘેરાઈ તેવી શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યાનુસાર અહીં મુશળધાર વરસાદ આજથી શરૂ થઈ ગયો છે. વરસાદ ૭ જુલાઈ સુધી પડે તેવી શક્યતા છે. ૫ અને ૬ જુલાઈએ ઉત્તરાખંડના લગભગ તમામ હિસ્સામાં અતિથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. એક અનુમાન મુજબ કેટલાક વિસ્તારમાં ૧૩ સેમી સુધીનો વરસાદ પડે તેવી શક્યતા છે.

સાવચેતીના પગલાં રૂપે એનડીઆરએફના ૨૫૦ થી વધુ જવાનો સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા છે. ૬ ટીમ (દરેક ટુકડીમાં ૪૫ જવાન) દહેરાદુન, પીથોરાગઢ, ચમોલી, રુદ્રપ્રયાગ તથા ઉત્તરકાશીમાં તૈનાત કરવામાં આવ્યા છે. જેથી મુશ્કેલભરી પરિસ્થિમાં સામનો કરી શકાય.

નીચાણવાળા વિસ્તારમાં વસતા લોકો ઘર છોડીને સલામત સ્થળે પહોંચી રહ્યા છે. જો કે, વહીવટી તંત્ર અને સેના એલર્ટ છે. ભગીરથી નદીના કિનારે વસેલા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

પ્રદેશ સરકારે દાવો કર્યો છે કે, પ્રભાવિત વિસ્તારોમાં અનાજની અછત નથી. પૂર પ્રભાવિત વિસ્તારમાં ઘઉંનો ૧૦૦૪૩.૩ મેટ્રિક ટન તથા ચોખાનો ૧૨૧૭૬.૮ મેટ્રિક ટન, ખાંડનો ૮૩૭.૩ મેટ્રિક ટન જથ્થો છે. તે સિવાય ૩૪૪.૨ લિટર કેરોસીન અને ૪૮૯૪૩ એલપીજી સિલિન્ડર સ્ટોકમાં છે. રાહત સામગ્રી ભરેલી ૩૦૯ ટ્રકો પ્રભાવિત જિલ્લામાં મોકલવામાં આવી રહી છે.

પ્રદેશ સરકારે રાહત અભિયાન માટે ૧૦૯ કરોડ રૂપિયા જારી કર્યા છે. કલેક્ટરને રાહત કાર્યમાટે પૂરેપૂરી છુટ આપવામાં આવી છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ અધિકારીઓને રાહતકાર્યમાં ઝડપ લાવવા તથા આપદા પીડિતોને નવા દરે વળતર આપવાનો આદેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જે લોકોને જુના દરે વળતર અપાયું છે તે લોકોને નવા દરે વળતર આપવામાં આવશે.

ઉત્તરાખંડ આપદાના ૧૭ દિવસ પછી પણ લોકોનું જીવન સામાન્ય બન્યું નથી. પ્રભાવિત ગામડા સુધી રાહતસામગ્રી પહોંચાડવાનું કાર્ય પડકારરૂપ બની ગયું છે. રાજ્ય સરકારના જણાવ્યાનુસાર ૨૮૬૫ ગામડા સાથે નો સંપર્ક તૂટેલો છે. જેને કારણે રાહત સામગ્રી ત્યાં પહોંચી શકી નથી. ૧૦૩૫ ગામડાં સુધી પહોંચવા માટે સડક જ નથી. ૭૩૭ સડકો એવી છે જેની પરથી માલસામાન ભરેલી ટ્રક પસાર થઈ શકે તેમ નથી.

કેદારઘાટીમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા સામૂહિક અગ્નિ સંસ્કાર હેઠળ ૨૩ મૃતદેહનાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા છે. આ સાથે કુલ ૫૯ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિમાલય સ્થિત તીર્થસ્થળોમાં નિષ્ણાતોની ટુકડી કાટમાળ દૂર કરવાનું તથા મૃતદેહોને તેમાંથી બહાર કાઢવાનું કાર્ય સતત કરી રહી છે.

## થાણેમાં બિલ્ડીંગ તૂટી પડતાં એકનું મોત, ૩૫ ઘાયલ

થાણે, તા. ૪

ભીંવડીના કલ્હેર ગામમાં ગુરુવારે સવારે એક ફેક્ટરીની બે માળની બિલ્ડીંગ તૂટી પડવાના કારણે એક શ્રમિકનું મૃત્યું નિપજ્યું છે તથા અન્ય ૨૦ વ્યક્તિને ઈજા પહોંચી છે.

પોલીસે જણાવ્યું હતું કે, બિલ્ડીંગના કાટમાળમાં ૨૦થી વધુ શ્રમિકો ફસાયા હોવાની આશંકા છે. બિગ ગારમેન્ટ્સ નામની ફેક્ટરી જે અરિહંત કંપાઉન્ડમાં આવેલી છે તેમાં બીજા પણ ઘણા ગોડાઉન છે. પોલીસનું કહેવું છે કે જે સમયે બિલ્ડીંગ તૂટી પડી તે સમયે ત્યાં લગભગ ૪૦ લોકો હાજર હતા. કાટમાળમાંથી ફસાયેલા લોકોને બહાર કાઢવાનો પ્રયત્ન ચાલુ છે. જો કે, મુશળધાર વરસાદને કારણે આ કાર્યમાં વિઘ્ન આવી રહ્યું છે. બચાવ અને રાહત કાર્ય માટે લગભગ ૧૨ ફાયરબ્રિગેડની ગાડીઓ તથા સિવિલ ડિફેન્સ તથા ડોમગાર્ડના ઘણાં કાર્યકર્તા હાજર છે. રાષ્ટ્રીય આપદા મોચન ટુકડી (એનડીઆરએફ) ની એક ટુકડી પણ ઘટના સ્થળ પર પહોંચી ગઈ છે. એમ માનવામાં આવી રહ્યું છે કે, સતત પડી રહેલા મુશળધાર વરસાદને કારણે આ બિલ્ડીંગ તૂટી પડી હતી. જો કે ઔપચારિક રીતે આ બાબતને સમર્થન અપાયું નથી.

મૃત્યુ પામનાર વ્યક્તિની ઓળખ ૨૫ વર્ષીય મન્ના વજુર દીવાન તરીકે કરવામાં આવી છે. તે કલ્હેર ગામમાં રહેતો હતો. ઈજા પામેલા ૨૦ લોકોમાંથી ૯ ને પ્રાથમિક સારવાર અપાયા બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. બાકીના લોકોની સારવાર ચાલી રહી છે. ભીંવડીના કલેકટર પી.બોલ. રાસુ, નિઝામપુરના સીટી મ્યુ. કોપો. (બીએનએમસી)ના કમિશનર અચ્યુત તથા થાણેના પોલીસ કમિશનર એ.કે. રઘુવંશી બચાવ કાર્ય પર દેખરેખ રાખી રહ્યા છે.

## મોબાઈલ કંપનીની જેમ હવે ગ્રાહકો વીજ વિતરણ કંપની પણ બદલી શકશે

નવીદિલ્હી, તા. ૪

ઈલેકટ્રીસીટી એક્ટમાં સુધારા માટે ઘણા સમયથી પ્રતિક્ષા થઈ રહી છે. અને સરકારે તે દિશામાં હીલચાલ હાથ ધરી છે. સરકાર આ ક્ષેત્રમાં એકથી વધુ કંપનીઓ લાયસન્સ મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવીને તેમાં સ્પર્ધા લાવવા સક્રિય બની છે. જેનાથી વીજ ગ્રાહકોને વિતરણ કંપની પંસદ કરવાનો વિકલ્પ મળશે.

મોબાઈલ નંબર પોર્ટબીલીટી (એમએનપી) હેઠળ જેમ ગ્રાહકો તેમની ઈચ્છા મુજબ ટેલી કંપની પંસદ કરી શકી તેવી જ રીતે વીજ વિતરણ કંપની પસંદ થઈ શકશે. સરકાર વીજળીના પુરવઠાનું સંચાલન અને વીતરણ માળખાની જાળવણી સેવા અલગ કરવાની યોજના ધરાવે છે. અને ઈલે. સીટી એક્ટ ૨૦૦૩માં સુધારો કરીને એક જ વિસ્તાર માટે બહુવીજ લાયસન્સની (લાયસન્સ મેળવનાર) રજુ કરવા માંગે છે. આ હીલચાલ હજુ પ્રારંભીક તબક્કામાં છે. અને મંત્રાલયે આ અંગે વિવિધ હીતકારો સાથે વાટાઘાટો હાથ ધરી છે. હાલમાં વીજ વિતરણ કંપની જેમ સંચાલન અને વિતરણ માળખાની જાળવણી માટે જવાબદારી છે. સેન્ટ્રોલ ઈલે. સીટી ઓર્થોરીટીના ચેરપર્સન એ.એસ. બક્ષીએ કહ્યું હતું કે રીટેલ વીજ ક્ષેત્રમાં સ્પર્ધા લાવવાના હેતુસર ઈલે. સીટી એક્ટ ઘટવામાં આવ્યો હતો. આ દરખાસ્તને મંજુરી મળે તો ગ્રાહકોને લાભ થશે તેનાથી સારી સુવિધા અને ટેરીફની ખાત્રી મળશે. વીજ મંત્રાલયના એક અધિકારીએ કહ્યું કે વીજ વિતરણ વ્યવસ્થા અલગ કરવાથી વિતરણ માળખાને મજબૂત કરવા માટે રોકાણને પ્રોત્સાહન મળશે જ્યારે સપ્લાય કામને અલગ કરવાથી વ્યાપારીક ખોટમાં ઘટાડો થવાથી અને ખર્ચ તથા આવક અંગે પાદર્શકતા વધવાની ખાતરી મળશે.

**કેફિયત કલા સાધકની** (પાના નં. ૨ નું ચાલુ)

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા, સ્વભાવે સૌજન્યશીલ, નિતાંત નિરાભિમાની અને સૌના દોસ્ત ભીખુદાનભાઈ (ભારતના જાણીતા ક્રિકેટર બંધુઓ ઈરફાન અને યુસુફ પઠાન પણ તેમના દોસ્તો છે અને તાજેતરમાં જ યુસુફની શાદી વડોદરા જઈને માણી આવ્યો છે) એ ગાંધીનગરની તમામ કલાસંસ્થાના કાર્યક્રમોમાં પોતાનો કંઠ આવ્યો છે. જિલ્લા અને રાજયકક્ષાની હરિફાઈમાં રાસ તો ભીખુદાન જ ગવડાવે. દાને ગાંધીનગરની અવસર, પનઘટ, પ્રસંગ, કલાગુર્જરી વિ. સંસ્થાના કાર્યક્રમોમાં પોતાની ગાયકીથી પ્રેક્ષકોને ઘેલા કર્યા હતા.

ભીખુદાન તાલુકા કક્ષાથી રાજય કક્ષા સુધી યોજાતી અનેક સ્પર્ધાઓમાં વર્ષોથી નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત પ્રભાતિયા, હાલરડાં, ભજન વિ. સ્પર્ધામાં પણ વર્ષોથી નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે.

અચ્છા અને ઉમદા કલાકાર ભીખુદાનભાઈ પ્રેમાળ પત્ની સુધાબા અને વ્હાલનો દરિયો પુત્રી મેઘા (જે એમ.બી.થઈને હાલ નોકરી કરી રહી છે) ના સંપૂર્ણ સાથ સહકાર વડે જ ખ્યાતનામ કલાકાર બની શક્યા છે.

ભીખુદાનભાઈની 'મા દશામા'ની વીડીયો સીડી, પૂર્ણતાના આરે છે. ગાંધીનગરનો આ ગહેંકતો મોરલો હજી હમણાં જ, તા. ૨૧મી જૂન, વિશ્વ સંગીત દિનની સવારે ગાંધીનગરના સંગીત સર્કલ પર મન મુકીને ટહુક્યો હતો. આ મોરલો સદાય ટહુક્યા જ કરે અને આપણે સૌ સાંભળ્યા જ કરીએ...

## પીએફ ઓનલાઇન સેવાનો આરંભ કરવામાં આવ્યો

નવીદિલ્હી, તા. ૪

કર્મચારી ભવિષ્યનીધિ ફંડ એટલે કે પર્સનલ પ્રોવિડંટ ફંડમાં રહેલી જમા રકમનાં ઓનલાઈન ઉપાડ અને જમા કરાવવાની બાબત આજે નાના પાયે ઓનલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. કેન્દ્રિય શ્રમ મંત્રી શિશરામ ઓલાએ આ નવી સુવિધાનું ઉદ્ઘાટન કર્યુંહતું કર્મચારી ભવિષ્યનીધિ સંગઠન ઈપીએફઓનાં સુત્રોનાં જણાવ્યા મુજબ ઓનલાઈન આ યોજનાનો આવનારા ૨૦ દિવસ દરમિયાન સંપૂર્ણ રીતે વિકાસ કરવામાં આવશે અને આવનારા ૨૦ દિવસોમાં ઓનલાઈન સુવિધા સંપૂર્ણતઃ કાર્યરત થશે. પરંતુ પ્રાથમિક તબક્કે આ યોજના આજથી શરૂ કરવામાં આવી છે. ઓનલાઈન પ્રક્રિયાનાં કારણે પીએફનાં ખાતા ધારકોને ઘરેબેઠા તેમનાં ખાતામાંથી એન્ટ્રીનું જમા ઉધાર કરવાની સગવડ મળી છે. એટલું જ નહીં ઓનલાઈન સેવા શરૂ કરવાનાં કારણે ખાતાધારક સરળતાપૂર્વક તેમનાં ખાતાનું સ્ટેટશ જાણી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈપીએફઓએ પહેલા આ સેવા પહેલી જુલાઈએ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

## વિશ્વબેંકે ભારતનાં ત્રણ ફાર્મમાં ગીરનો સમાવેશ કર્યો

જુનાગઢ, તા. ૪

વિશ્વ બેંકે ભારતનાં એવા ૩ જંગલોને ઓળખ્યાં છે. જ્યાં આવીને પ્રવાસીઓ કાંઈક શીખીને જાય છે. ગિર જંગલનો આ ત્રણ પૈકીનાં એક જંગલમાં સમાવેશ થાય છે. આજે ગિર લર્નિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવનાર છે. આથી રાજ્યનાં કેબિનેટ કક્ષાના વનમંત્રી સાસણ આવ્યા છે.

આ અંગેની વધુ વિગતો આપતાં સાસણનાં ડીએફઓ સંદિપકુમારે જણાવ્યું હતું કે, તેમની આ અંગેની વધુ વિગતો આપતાં સાસણનાં ડીએફઓ સંદિપકુમારે જણાવ્યુ હતું કે, તેમની આ મુલાકાત ખાસ કરીને હેબિટેટ ઈમ્પ્રુવમેન્ટ પ્લાન અંતર્ગત યોજાઈ છે. જેમાં સાવજો માટે વધુ શું કરી શકાય ? તેઓનો માનવી સાથેનો સંઘર્ષ વધુમાં વધુ કેમ રોકી શકાય ? એ પ્રકારનાં વિવિધ પાસાંઓની ચર્ચા વિચારણા તેઓ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે કરશે. તો વળી ગિરમાં ચાલતા વિવિધ પ્રકારનાં કામો અને યોજનાઓને પણ તેઓ નિહાળશે. તેઓ આવતીકાલે રાત્રે આવનાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગિરનું જંગલ દેશનું એવું જંગલ છે. જ્યાં પ્રવાસીઓ ફરવા આવતા હોય છત્તાં અહીંથી કાંઈક શીખીને જાય છે.

જેમાં સિંહોનો સ્વભાવ અને પ્રકૃતિ, જંગલની તરેહ, વાતાવરણ પ્રકૃત્તિમાં સિંહો સહિતની વન્ય જીવસૃષ્ટિનું મહત્વ, તેની જાળવણીમાં માનવી શું પ્રદાન કરી શકે, વગેરે અનેક બાબતો સામેલ છે. રાજ્યનાં કેબિનેટ કક્ષાના વનમંત્રી સાસણ આવનાર હોઈ તેમની વ્યવસ્થા માટે વનતંત્ર ધંધે લાગુ ગયું હતું. વિશ્વ બેંકે ભારતનાં એવા ૩ જંગલોને ઓળખ્યાં છે જ્યાં આવીને પ્રવાસીઓ કાંઈક શીખીને જાય છે.

ગિર જંગલનો આ ત્રણ પૈકીનાં એક જંગલમાં સમાવેશ થાય છે. આજે ગિર લર્નિંગ સેન્ટરનું ગિર લર્નિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આથી રાજ્યનાં કેબિનેટ કક્ષાનાં વનમંત્રી સાસણઆવ્યા છે.